# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેકસ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં.: કેસી/સીજીઆરએફ/૨૦૧૮ ૧૪ તારીખ: 07 JUN 2018

રજી. એ. ડી દ્વારા

પ્રતિ,

નારણ ગાંગજી પીન્ડોરીયા ,

નારાણપર -રાવડી ,

મો.નં.૯૯૨૫૧ ૫૪૨૦૦

વિષય :– કેસ નંબર પીજી/૦૧ /૦૦૫/ ૨૦૧૮-૧૯

સંદર્ભ:– આપની અરજી નોંધણી નં. પીજી/૦૧ /૦૦૫/ ૨૦૧૮-૧૯

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(જે વિ ચૌહાણ)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભૂજ.

O/C

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ,વર્તુળ કચેરી, ભુજ

(૨) કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, માંડવી

(૩)નાયબ ઈજનેર,પીજીવીસીએલ,પેટાવિભાગીય કચેરી,દહીંસરા પેટા વિભાગ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

ગ્રાહક તકરાર નિવારણફોરમ,ભુજ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં કેસી/સીજીઆરએફ/૨૦૧૮/ ૯૪ તારીખ: 07 JUN 2018

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG-001-005-2018-19.**

અરજદાર: શ્રી નારણ ગાંગજી પીન્ડોરીયા .
ગામ દહીસરા જી. કચ્છ

રજૂઆત કરનાર: શ્રી નારણ ગાંગજી પીન્ડોરીયા.

::વિરુધ્ધ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી,પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવી
રજૂઆત કરનાર: એ એસ ગુરવા, કા.ઇ. પીજીવીસીએલ, વિભાગીય કચેરી,માંડવી

::ફોરમ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ. હોલ, પીજીવીસીએલ.,વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૧૮.૦૫.૨૦૧૮



Scanned by CamScanner

::અરજદારની રજૂઆત::

૧.૦ અરજદાર શ્રી નારણ ગાંગજી પીન્ડોરીયા ગામ:-નારાણપર -રાવડી નું ગામ કેરા,તા.ભુજ ના સર્વે નં.૧૧૭ માં ગ્રાહક નં.૩૯૦૦૪/૦૧૮૫૪/૯ થી ખેતીવાડી નું ૩૦ એ.પી.નું વીજ કનેક્શન ૬૦ એચ.પી કરી આપવા તેમજ તેમને થયેલ નુકશાની નું વળતર આપવા માટે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૧.૧ સદર કેસની વિગત નીચે મુજબ છે.

૧.૨ અરજદાર શ્રી નારણ ગાંગજી પીન્ડોરીયા ગામ:-નારાણપર -રાવડી નું ગામ કેરા,તા.ભુજ ના સર્વે નં.૧૧૭ માં ગ્રાહક નં.૩૯૦૦૪/૦૧૮૫૪/૯ થી ખેતીવાડી નું ૩૦ એચ.પી.નું વીજ કનેક્શન ધરાવે છે.

૧.૩ તા.૦૪/૦૭/૨૦૧૭ના શ્રી નારણ ગાંગજી પીન્ડોરીયા દ્વારા ગ્રાહક નં.૩૯૦૦૪/૦૧૮૫૪/૯ ના ખેતીવાડી વીજ જોડાણમાં ૩૦ એચ.પી નો લોડ વધારાની રકમ નિયત સમયમાં ભરપાઈ કરવામાં આવેલ છે.

૧.૪ અરજદાર શ્રી નારણ ગાંગજી પીન્ડોરીયા દ્વારા તા.૧૦/૦૪/૨૦૧૮ ના પત્રમાં જણાવ્યાનુસાર તેઓનું વીજ જોડાણ ૬૦ એચ .પી નો લોડવધારો કરી એ-બીમાં ફેરવી આપવામાં આવેલ નથી.

૧.૫ અરજદાર શ્રી નારણ ગાંગજી પીન્ડોરીયાને દહીંસરા સબડીવીઝન દ્વારા તેમના ખેતીવાડી વીજ જોડાણ નં ૩૯૦૦૪/૦૧૮૫૪/૯ માં ૬૦ એચ .પી નો લોડવધારો દર્શાવેલ, પરંતુ સ્થાનિકે હયાત ટ્રાન્સફોર્મર ફેરફાર કર્યા વગર જ ૬૦ એચ.પી.નું બીલ આપવામાં આવેલ છે.

૧.૬ આમ, અરજદાર શ્રી નારણ ગાંગજી પીન્ડોરીયા દ્વારા તેઓની માંગણી મુજબનું વીજ જોડાણ મેળવવા તેમજ તેમને થયેલ નુકશાનીનું વળતર માટે ગ્રાહક તકરાર સમક્ષ અરજી કરવામાં આવેલ છે.

:: પીજીવીસીએલની રજુઆત::

૨.૦ સુનાવણી સમયે સામાવાળા શ્રી એ એસ ગુરવા,કા.ઇ. પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવી રૂબરૂમાં હાજર રહેલ અને જણાવેલ કે,



Scanned by CamScanner

૨.૧ અરજદાર શ્રી નારણ ગાંગજી પીન્ડોરીયા દ્વારા તા.૦૪/૦૭/૨૦૧૭ ના રોજ રૂ.૨૦૦/-રજી.ચાર્જ પહોંચ નં XV 95467 થી ભરપાઈ કરી ૩૦ હો.પા. + ૩૦ હો.પા.= ૬૦ હો.પા.ના લોડ વધારો (A + B ) માટેની અરજી કરવામાં આવેલ હતી.

૨.૨ અરજદારશ્રીની લોડ વધારાની અરજી અન્વયે તા.૧૪/૦૭/૨૦૧૭ ના રોજ પત્ર નં ૧૮૬૫ થી તેઓને અંદાજપત્ર આપવામાં આવેલ,જે ટેસ્ટ રીપોર્ટ સહીત અરજદાર દ્વારા દહીંસરા પેટા કચેરી ખાતે તા.૧૯/૦૭/૨૦૧૭ન રોજ રશીદ નં XV 955893/94/95 થી રૂ.૨૪૬૧૮/-+૬૬૪/-તથા ટેસ્ટ રીપોર્ટના રૂ.૨૦/-ભરપાઈ કરેલ હતા.

૨.૩ અરજદારના વીજ જોડાણનું ટ્રાન્સફોર્મર અછત હોવાના કારણે બદલવાનું રહી ગયેલ હતું,તે હવે ૨૫ કેવીએ માંથી ૬૩ કેવીએ કરી આપવામાં આવેલ છે.

૨.૪ અરજદાર દ્વારા ટેસ્ટ રીપોર્ટ તા.૧૯/૦૭/૨૦૧૭ ના રોજ ભરપાઈ કરી દીધેલ હોય તેઓને વીજભાર તા.૧૪/૦૯/૨૦૧૭ થી વધારી આપવામાં આવેલ હતો.

::હુકમ::

૩.૦ સુનાવણી સમયે રજૂઆત કરનારની તેમજ સામાવાળા ની રજૂઆત તેમજ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ના આધારે નીચે મુજબ નાં તારણ પર આવી શકાય

૩.૧. સદર કેશમાં અરજદારના પ્રીમાઈસીસમાં ૩૦ હો.પા.નું વીજ જોડાણ હતું અને તેમાં ૨૫ કેવીએ નું ટ્રાન્સફોર્મર લાગેલ હતું જે તે સમય બાદમાં અરજદાર દ્વારા તા.૦૪/૦૭/૨૦૧૭ના રોજ ૩૦+૩૦=૬૦ હો.પા.ના લોડ વધારાની નોધણી કરવામાં આવેલ જેના અનુસંધાને દહીસરા સબડીવીઝન તરફથી અરજદારને તા.૧૪/૦૭/૨૦૧૭ ના ભાવપત્રક આપવામાં આવેલ,આ ભાવપત્રકની રકમ અરજદાર દ્વારા તા.૧૯/૦૭/૨૦૧૭ના રોજ ભરપાઈ કરવામાં આવેલ તેમજ જરૂરી ટેસ્ટ રીપોર્ટ પણ તા.૧૯/૦૭/૨૦૧૭ના રોજ અરજદાર દ્વારા રજુ કરવામાં આવેલ.

૩.૨ જે તે સમયે સબડીવીઝનમાં ૬૩ કેવીએના ટ્રાન્સફોર્મરની સોર્ટેજ હોવાથી સબડીવીઝન દ્વારા જરૂરી સમયમર્યાદામાં ૨૫ થી ૬૩ કેવીએ ટ્રાન્સફોર્મર ઓગમેન્ટેશન થઇ શકેલ નહી,પરંતુ સપ્લાય કોડની શરત મુજબ ટેસ્ટ રીપોર્ટની તારીખથી ૬૦ દિવસમાં લોડ વધારો મંજુર કરવાનો હોઈ સબડીવીઝન દ્વારા તારીખ ૧૪/૦૯/૨૦૧૭થી લોડ વધારો મંજુર કરવામાં આવેલ વાસ્તવમાં ૨૫ કેવીએનું ટ્રાન્સફોર્મર લાગેલ ન હોવાથી અરજદાર તાંત્રિક રીતે લોડવધારો વાપરી શકે તેમ ન હતો તેમ છતાં પીજીવીસીએલ દ્વારા તા.૧૯/૦૭/૨૦૧૭ થી તેમનું વીજ જોડાણ ૩૦+૩૦=૬૦ હો.પા.મુજબ બીલીંગ ચાલુ કરવામાં આવેલ બાદમાં અરજદારે



Scanned by CamScanner

• સીજીઆરએફમાં ફરિયાદ નોધાવતા જેમાં અનુસંધાને સબડીવીઝન તથા ડીવીઝન પાસેથી માહિતી મેળવવામાં આવેલ જેના મુજબ તા.૧૦/૦૫/૨૦૧૮ ના રોજ અરજદારનું ટ્રાન્સફોર્મર ૨૫ થી ૬૩ કેવીએ કરવામાં આવેલ છે.આમ,અરજદાર વાસ્તવિક રીતે તા.૧૦/૦૫/૨૦૧૮ થી જરૂરી લોડ વધારો વાપરવાની ટેકનીકલ પરિસ્થિતિમાં આવેલ આ કેશનો વિગતવાર અભ્યાસ કરતા માલુમ પડેલ કે તા.૧૪/૦૭/૨૦૧૭ થી ૧૦/૦૫/૨૦૧૮ સુધી અરજદાર ટેકનીકલ રીતે લોડ વાપરી શકે તેમ ન હોઈ અરજદારને આ સમયગાળા માટે લોડ વધારાનું બીલ રદ કરવું તેમજ તેમણે ભરપાઈ કરેલ લોડ વધારાની રકમ હવે પછીના બીલમાં રીફંડ આપવા હુકમ કરવામાં આવે છે.અરજદારની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

Joshi Nitin ...

એન એચ જોષી
સ્વતંત્ર મેમ્બર

જે.બી. પારેખ
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

ફરિયાદ નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. ભુજ

Certified Copy

Deputy Engineer
CGRF, PGVCL, BHUJ



Scanned by CamScanner